ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 03
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૫ | ૨૭ એપ્રિલ, ૨૦૧૪, રવિવાર; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● આપના કાર્યકરોએ પ્રિયંકાનો જયજયકાર કર્યો**

અમેઠી મતવિસ્તારમાં ભાઈ રાહુલના પ્રચાર માટે બેન



પ્રિયંકા ગાંધી નુક્કડ મીટીંગો કરી રહી હતી ત્યારે આમ આદમી પાર્ટીનું એક જુથ મીટીંગના સ્થળે પહોંચ્યું હતું. આપના કાર્યકરોના સવાલોના જવાબો હસતા હસતા આપતા પ્રિયંકાથી પ્રભાવિત આપના કાર્યકરોએ રાહુલ-પ્રિયંકાનો જયજયકાર કર્યો હતો.

**● કોંગીના વરિષ્ઠ નેતા એનડી તીવારીને મળવા રાજનાથ પહોંચ્યા**

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અને લખનઉના બેઠકના ઉમેદવાર



રાજનાથસિંહ શનિવારે બપોરે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ઉત્તરાંચલના પૂર્વ મુખ્યમંત્રી એન.ડી. તીવારીનો મળવા પહોંચતા ભારે રાજકીય આશ્ચર્ય સર્જાયુ હતુ. લખનઉના વર્તમાન સાંસદ લાલજી ટંડનને ટીકીટ ન અપાતા નારાજ બ્રાહ્મણ મતો અંકે કરવાના ઈરાદેથી તીવારીનુ શરણ લીધુ હોવાનુ જણાય છે.

# વરસાદની આગાહીના પગલે તંત્ર એલર્ટ

ગાંધીનગર, તા. ૨૬ ગુજરાતમાં ઉભા થયેલા હળવા દબાણને પગલે આજે મોડી રાત્રે ઠંડા પવનો સાથે હળવાથી ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા વહીવટીતંત્રને એલર્ટ મોડ પર મુકવાના આદેશો જિલ્લા કલેક્ટરે કર્યા છે.

૨૦મી એપ્રિલે આવુ જ વાવાઝોડુ અને વરસાદ થતાં તંત્ર આ વખતે કોઈજ કચાશ છોડવાના મુડમાં નથી. હવામાન વિભાગ તરફથી મળેલા સંદેશાને પગલે જ વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું હતું.

આજે સાંજે જ વન વિભાગ, માર્ગ-મકાન વિભાગ તેમજ દરેક તાલુકા મથકોને એલર્ટ રહેવા માટેની તાકીદ કરી દેવામાં આવી છે. દરેક મામલતદારોને પણ આ અંગે ચાંપતી નજર રાખવા જણાવ્યું છે. જેમાં ખાસ કરીને માર્ગો બંધ ના થઈ જાય તેમજ વીજ પુરવઠો જળવાઈ રહે ઉપરાંત કોઈ જાનહાનિ ના થાય તે જોવા જણાવાયું છે.

જિલ્લામાં આમ તો મોડી સાંજે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. તેમજ ઠંડા પવનની લહેરખીઓ પણ નોંધાઈ હતી.

૨૦મીએ આવેલા વાવાઝોડા સાથેના વરસાદને કારણે જિલ્લામાં રૂ. ૭૦ હજારની મિલ્કતોને નાનુ મોટુ નુકશાન પહોંચ્યું હતું. આ ઉપરાંત એકસો વીસથી વધુ વૃક્ષો ધરાશયી થઈ જવા પામ્યા હતા. તેમજ ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. જે ઉલ્લેખનીય છે.

તંત્રએ આજે માર્ગ-મકાન વિભાગ અને વન વિભાગને જેસીબી અને ટ્રેક્ટરો સાથે એલર્ટ રહેવા માટે તાકીદ કરી છે. વાવણી માટે ખરીફ ઋતુના પ્રારંભ પહેલાના કમોસમી વરસાદને લઈ જિલ્લાનું ખેતીવાડી તંત્ર પણ ચોકન્તુ બની ગયું છે.

ભર ઉનાળે વારંવાર આવતા હવામાનના બદલાવને કારણે રોગચાળાનો પણ ભય ઉભો થવાની શંકાઓ લોકો વ્યક્ત કરી રહ્યા છે.

કેટલાક ખગોળ વિદો પ્રિ. મોન્સુન એક્ટીવીટીનો આરંભ થયો હોવાનું પણ કહી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયા કિનારાથી ૧૦ કિ.મી.ના ઉપરના વિસ્તારમાં હવાનું હળવુ દબાણ ઉભુ થવા પામ્યુ છે. આને પગલે આજે સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણા બધા વિસ્તારોમાં તાપમાનનો પારો ૩ થી ૫ ડિગ્રી સુધી ગગડી જવા પામ્યો છે.

URGENT REQUIRE
Candidates For
MEDICAL COMPENSATION
USA Legal BPO Process
Having verbal english communication skill, able to work at night shift
(attractive Salary, Incentive, Food, Perks.)
Call - 9913826165
Interview on 3pm onwards
Solution BPO Services
14, IT Tower - 1, Infocity, Gandhinagar
hr@solutionbposervices.com
www.solutionbposervices.com

# અડવાણી સામે વાંધાજનક લખાણોવાળી પત્રિકાઓ પકડાઈ

## ફ્લાઈંગ સ્કવોર્ડે સેક્ટર-૨૮ જીઆઈડીસી ખાતે પ્રિન્ટર્સને ત્યાં દરોડો પાડી ૧૨ હજાર પત્રિકાઓ જપ્ત કરી : પ્રિન્ટર્સના મેનેજર અને પત્રિકાઓ છપાવનાર શખ્સ બંને સામે કાર્યવાહી

ગાંધીનગર,તા.૨૬ વાંચો..વિચારો..સમજો અને વોટિંગ કરોના વાંધાજનક લખાણો વાળી પત્રિકાઓ ગાંધીનગર શહેર ના સે.૨૮ જી.આઈ.ડી.સી ખાતે સ્થિત કેપિટલ ઓફસેટ માં કોઈએ છપાવવા આપી હોવાની બાતમી ફ્લાઈંગ સ્કવોડને મળતા આજે ટીમે ઓફસેટમાં દરોડો પાડી આવી ૧૨ હાજર વાંધાજનક લખાણ વાળી પત્રિકાઓ જપ્ત કરી લઈ ઓફસેટ ના મેનેજર તથા પત્રિકા છપાવનાર બંને સામે લોક -તિનિધિત્વ ધારો અને જાહેરનામાં ભંગની સે.૨૧ પોલીસ મથકે ફરિયાદ આપી હતી. ગુનો દાખલ કરી છપાવનાર શખ્સ સુધી પહોચવા સે.૨૧ પોલીસે તપાસ શરુ કરી છે.

ફ્લાઈંગ સ્કવોડ - ૪ ના ઈન્ચાર્જ અશોકભાઈ વાસણાવાળાને આજે બપોરે ટેલીફોનીક બાતમી મળી હતી કે સે.૨૮ જી.આઈ.ડી.સી ના કેપિટલ ઓફસેટ માં વાંચો..વિચારો..સમજો અને વોટિંગ કરોના વાંધાજનક લખાણો વાળી પત્રિકાઓ છપાવવા આવેલી છે.જેને આધારે દરોડો પાડીને આ -કારના લખાણો વાળી ૧૨ હાજર જેટલી પત્રિકાઓ કબજે લઈ પોલીસ ફરિયાદ કરી હતી.પત્રિકામાં આડકતરી રીતે અડવાણી સામેના

● અનુસંધાન પાન-૭ પર

### અનામી પત્રિકામાં શું છે ?

ગુજરાતના સપુત પી.એમ. બનવા જઈ રહ્યા છે. તે આનંદની વાત છે. પણ તેના પગમાં કાંટો ખૂબ દર્દ આપી રહ્યો છે તે દૂર કરવા ગાંધીનગર મત વિસ્તારના જાગૃત તેમજ સમજુ મતદારોએ જાણી જોઈને આ સીટ આપી દેવી જોઈએ તેથી કાંટો દૂર થશે. મોટા કાંટા સાથે નાના બાર કાંટા છે. (ગાંધીનગરની એક સીટ આપવાથી ૧૨ સીટને ફાયદો થશે.) જેમ ઝાડને થડમાંથી કાપવામાં આવે તો ડાળી સુકાવા લાગે. ડાળીઓ લીલી રાખવા માટે મોટા કાંટાનો સાથ છોડી પી.એમ. સાથે થઈ જશે.

આ કાંટો શરૂથી દર્દ આપી રહ્યો છે. આ કાંટો દૂર નહીં કરાય તો ગુજરાતના સપુતને પી.એમ. બનવા નહીં દે તે ૧૦૦ ટકાની વાત છે. આ કાંટો દિલ્હી પહોંચશે તો અટલ બિહારી બાજપાઈ જેઓ ઘાટ થશે. પી.એમ.ના સોગંદ લીધા પછી બહુમતી સાબિત કરતી વખતે ક્રોસ વોટીંગ કરી ગુજરાતના સપુતને રાજીનામુ આપી ઘર ભેગા થવુ પડશે.










